# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-08-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

- ❖ દેશભરમાં આજે 78માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી- દિલ્હીના લાલ કિલ્લા ખાતેથી સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક રાષ્ટ્ર– એક ચૂંટણીનો પુનરોચ્ચાર કર્યો.
- ❖ રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વિકસિત ભારત 2047માં ગુજરાત મહત્વનું યોગદાન આપનારું રાજ્ય બનશે.
- ❖ ભાજપ અને કોંગ્રેસના પ્રદેશ કાર્યાલયમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઇ...
- ❖ પોરબંદરના મધદરિયેથી નડાબેટ સુધી રાજ્યમાં ઠેર- ઠેર સ્વતંત્રતા પર્વની ઉજવણી - મંદિરોમાં પણ વિશેષ શણગાર કરાયા..
- ❖ પારસીઓના નવા વર્ષ નવરોઝની આજે હર્ષોલ્લાસ સાથે દેશભરમાં ઉજવણી..

-------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM- INDEPE.DAY

દેશભરમાં આજે 78માં સ્વાતંત્ર્ય પર્વનો ઉત્સાહ છે. દિલ્હીના લાલ કિલ્લા ખાતેથી સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને 78માં સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે શ્રી મોદીએ આઝાદી માટે પ્રાણની આહૂતિ આપનારા અને આજીવન સંઘર્ષ કરનારા લોકોનું સ્મરણ કર્યું.

આ પ્રસંગે બોલતા તેમણે એક રાષ્ટ્ર, એક ચૂંટણીની વાત પર ભાર મૂક્યો. વધુમાં તેમણે જણાવ્યું કે દેશમાં સાંપ્રદાયિક નાગરિક સંહિતા છે અને તેને ધર્મનિરપેક્ષ બનાવવી જોઈએ.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે દેશના 140 નાગરિકો ખભેથી ખભો મિલાવીને એક સંકલ્પ લઈને ચાલે તો પડકારોને પાર કરતા દેશ 2047 સુધી વિકસીત ભારત બની શકે છે.

# CM- INDE. CELEBRATION

રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય સમારોહ ખેડા જિલ્લાના નડિયાદ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વડપણ હેઠળ યોજાયો. SRP ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. મુખ્યમંત્રીએ આ પ્રસંગે સંબોધન કરતા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલના બલિદાનને યાદ કર્યા. વધુમાં તેમણે વિકસિત ભારત 2047ના વિકાસમાં યોગદાન આપતું ગુજરાત મહત્વનું રાજ્ય બની રહેશે તેમ પણ જણાવ્યું...

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાને લઈને મહત્વની જાહેરાત કરતા આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- સીએમ- ગરીબ કલ્યાણ)**

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સુગમતા, સરળતા, સંપર્ક, સમર્પણ, સહભાગીતા, સશક્તિકરણ અને સુરક્ષા – એમ સુશાસનના સાત સપ્તર્ષી સંકલ્પોથી વિકસીત ગુજરાતે વિકસીત ભારત બનાવવામાં યોગદાન આપવું છે.

વધુમાં તેમણે રાજ્યમાં માર્ગ વિસ્તૃતિકરણ અને મજબૂતીકરણ માટે પાંચ હજાર કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી.

આ કાર્યક્રમમાં જિલ્લા સાંસદ સહિત સ્થાનિક ધારાસભ્યો, નેતાઓ, અધિકારીઓ તેમજ હજારોની સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. જિલ્લી વહીવટીતંત્ર દ્વારા આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ અને પોલીસ વિભાગ દ્વારા રાઇફલ ડ્રીલ,મરીન કમાન્ડો ડેમો, મોટર સાઇકલ સ્ટંટ શૉ,ડોગ શૉ અને હોર્સ શો જેવા કાર્યક્રમ યોજાયા હતા.

# Independence Day-DIST.

રાજ્યભરમાં આજે 78માં સ્વતંત્રતા પર્વની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી..

ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સીમા નજીક નડાબેટ ખાતે **IPS** અને **BSF** ગુજરાત ફ્રન્ટિયરના ઇન્સ્પેક્ટર જનરલ અભિષેક પાઠકે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આ પ્રસંગે શ્રી પાઠકે સીમા દર્શનથી ઝીરો પોઈન્ટ સુધીની બાઇક રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું.

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. રાજકોટની સેન્ટ્રલ જેલમાં પણ આજે જેલની અંદર સારી કામગીરી કરવા બદલ બંદીવાનોને પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવ્યા..

સાબરકાંઠાના વિજાપુર પાસે આવેલા તિરૂપતિ ઋષિવનમાં 780 જેટલા વૃક્ષો વાવી સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી.. તો ઇડરિયા ગઢ ઉપર પર્યાવરણ પ્રેમીઓ દ્વારા તિરંગો લહેરાવાયો..

ભાવનગરમાં વિવિધ સંસ્થાઓ, શાળાઓ અને કોલેજો દ્વારા આયોજીત તિરંગાયાત્રાનું રાજવી પરિવારે પ્રસ્થાન કરાવ્યું.

વડોદરા **ONGC**ની મુખ્ય કચેરી તેમજ અંકલેશ્વર **ONGC** કોલોની ખાતે પણ ધ્વજવંદન કરાયું..

ગીર સોમનાથ જિલ્લાની વેરાવળ સંસ્કૃત યુનિવર્સિટીમાં કુલપતિના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.

જ્યારે પોરબંદરમાં મધદરિયે તિરંગો ફરકાવવામાં આવ્યો..

સોમનાથ, દ્વારકા, પાવાગઢ સિહતના યાત્રાધામોમાં પણ આઝાદીના પર્વની ઉજવણી કરાઇ...

સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે હનુમાનજીની મૂર્તિને તિરંગાથી શણગારીને તેમજ પરિસરમાં તિરંગા લહેરાવી સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી..

## BYTE'S STORY

રાજ્યના વિવિધ જલ્લાઓમાં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

કચ્છમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી વિશે વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી....

**(બાઇટ- હેમાંગ પટ્ટણી)**

પંચમહાલથી વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત...

**(બાઇટ- વિપુલ પુરોહિત)**

કેન્દ્રશાસિત પ્રદેશ દિવમાં આજે થયેલી સ્વતંત્રતા પર્વની ઉજવણી અંગે જાણકારી આપી રહ્યા છે અમારા પ્રતિનિધી ભારતી રાવલ..

**(બાઇટ- ભારતી રાવલ)**